For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ડભોઈના અને વાઘોડિયાના ધારાસભ્ય સંકલન બેઠકમાં હાજર

# અધિકારીઓના કામથી અસંતુષ્ટ ધારાસભ્યોમાં ફૂટ? વાઘેલાએ કહ્યું, હું તો સંપૂર્ણ સંતુષ્ટ!

**પાદરા** અને કરજણના ધારાસભ્યો બહિષ્કારમાં જોડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા જિલ્લામાં અધિકારીઓની કામગીરીને લઈને ધારાસભ્યોએ અસંતોષ જાહેર કર્યા બાદ શનિવારે મળેલી કલેક્ટરને સંકલન બેઠકમાં આ ધારાસભ્યો વચ્ચે ફૂટ ખુલ્લી પડી હોવાનું ચિત્ર સામે આવ્યું છે. કલેક્ટર દ્વારા યોજાયેલી સંકલન બેઠકનો સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે વિડિયો



સંદેશ જારી કરીને બહિષ્કાર કર્યો હતો. તેમની સાથે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા અને કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ પણ બેઠકમાં હાજર રહ્યા નહોતા અને બહિષ્કારમાં જોડાયા હતા. જોકે, વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ તેઓ અધિકારીઓની કામગીરીથી સંપૂર્ણ સંતુષ્ટ હોવાનું નિવેદન આપતા ફૂટ બહાર આવી છે. ડભોઈના શૈલેષ મહેતા પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

ધારાસભ્યોના આ પગલાંને કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે, ખાસ કરીને આવતીકાલે મુખ્યમંત્રીના વડોદરા આગમન પૂર્વે આ ઘટનાને રાજકીય દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બહિષ્કાર કરનાર ધારાસભ્યોનું માનવું છે કે જિલ્લામાં કેટલાક અધિકારીઓની કામગીરી સંતોષજનક નથી અને વારંવાર રજૂઆતો છતાં સમસ્યાઓનો ઉકેલ આવતો નથી. બીજી તરફ, ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા અને વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા સંકલન બેઠકમાં હાજર રહ્યા હતા. વાઘેલાએ સ્પષ્ટ કહ્યું હતું કે તેઓ અધિકારીઓની કામગીરીથી સંતોષ ધરાવે છે અને સંકલન બેઠકમાં ભાગ લેવું જરૂરી માન્યું હતું. આ સમગ્ર ઘટનાએ જિલ્લા રાજકારણમાં ગરમાવો પેદા કર્યો છે. આવનારા દિવસોમાં મુખ્યમંત્રીની મુલાકાત દરમિયાન આ મુદ્દે શું વલણ અપનાવવામાં આવે છે તે તરફ રાજકીય અને વહીવટી વર્તુળોની નજર ટકેલી છે.

### મુખ્યમંત્રીના વડોદરા આગમન પહેલા કેતન ઇનામદારનો વધુ એક ધડાકો

## સંકલન એક ફોર્માલિટી હોય તો હું એનો ભાગ બનવા માંગતો નથી : કેતન ઈનામદાર

**પોતાના** પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતું હોવાના આક્ષેપ સાથે મળેલી બેઠકમાં હાજર નહીં રહ્યા હોવાનું જણાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરાના તમામ ધારાસભ્યોએ અગાઉ અધિકારીઓ નહિ સાંભળતા હોવાના આક્ષેપ સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યા બાદ પણ સરકારે કોઈ



ગંભીરતા નહીં દાખવતા ધારાસભ્યોમાં નારાજગી જોવા મળી છે. આવતીકાલે રવિવારે મુખ્યમંત્રી વડોદરા આવી રહ્યા છે તે પહેલા આજે મળનારી સંકલનની બેઠક પૂર્વે સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે વધુ એક ધડાકો કર્યો છે. તેમણે પોતાના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતું હોવાના આક્ષેપ સાથે આજે મળનારી સંકલનની બેઠકમાં હાજર નહીં રહેવા જણાવ્યું હતું.

કેતન ઈનામદારે જણાવ્યું હતું કે , સંકલન સમિતિ ની અંદર અગાઉ સંકલનના પ્રશ્નોનું નિરાકરણ નથી આવ્યું અને સંકલન સમિતિની બેઠકનું એટલું મહત્વ હોય છે. જે દર મહિનાના ત્રીજા શનિવારે સંકલન સમિતિની બેઠક થતી હોય, જેમાં તમામ વિસ્તારના ધારાસભ્યો સાથે સંસદ સભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખથી માંડીને તમામ હોદ્દેદારો ત્યાં ઉપસ્થિત હોય છે. તમામ ડિપાર્ટમેન્ટના સર્વોચ્ચ અધિકારીઓ હાજર હોય છે. કલેકટરના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળતી હોય છે. ત્યારે, એ વસ્તુની ખૂબ જ મોટી ગંભીરતા હોય છે. જ્યારે પણ તેમાં પ્રશ્ન પુછાય ત્યારે જે તે ડિપાર્ટમેન્ટના જે તે પ્રશ્ન હોય એને ગંભીરતાથી લેવાતા હોય છે અને નિરાકરણ થતું હોય છે, પણ છેલ્લી ઘણી સંકલનથી મારા પ્રશ્નો છે. આજ દિવસ સુધી પડતર છે. એનું કોઈ નિરાકરણ પણ નથી આવ્યું કે, કોઈ એવા પ્રયત્નો નથી થયા, કે આનું નિરાકરણ આવે. તો પછી આ સંકલન એક ફોર્માલિટી હોય તો આ ફોર્માલિટીનો હું ભાગ બનવા નથી માંગતો. જેથી આ સંકલન સમિતિને ખૂબ ગંભીરતાથી લેવાય અને આવનારી ફરી સંકલનની અંદર એને ફોર્માલિટી તરીકે નહીં પણ મહત્વની બેઠક તરીકે લેવાય એના માટેનો આ એક સંદેશ છે.

## સંકલન બેઠકમાં 10માંથી 7 ધારાસભ્યો ગેરહાજર

(પ્રતિનિધિ) વડોદરા તા.17

કલેક્ટર કચેરીમાં મળેલી જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં 10 ધારાસભ્યોમાંથી જિલ્લાના 2 અને શહેરના 1 મળી માત્ર ત્રણ જ ધારાસભ્યો હાજર રહેતા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાતી આ બેઠક માત્ર એક ઔપચારિકતા બનીને રહી ગઈ હોય એવું લાગી રહ્યું છે. વડોદરાના કલેકટરની કાર્યશૈલી સામે સામાન્ય પ્રજા ઉપરાંત પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં પણ અસંતોષ હોવાનો પડઘો પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રીને લખેલા પત્ર દ્વારા પાડ્યો હતો. શનિવારની સંકલન બેઠક પહેલા પણ કેતન ઈનામદારે વિડિઓ જારી કરી નારાજગી દર્શાવી હતી. બેઠકમાં હાજર ધારાસભ્યોએ ભલે કોઈક પ્રેશરમાં કે કોઈ



કારણસર સંતોષ વ્યક્ત કર્યો હોય પણ બાકીના સાત ધારાસભ્યોની ગેરહાજરી બધું બરાબર તો ચાલતું નથી એ દર્શાવી જાય છે. આ બેઠકમાં સાંસદ ડો. હેમાંગભાઇ જોશી, ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કેયુરભાઇ રોકડિયાએ નેશનલ હાઈવે, પાણી, કેનાલ, સ્ટ્રીલ લાઈટ, ટ્રાફિક, દબાણ, આરોગ્ય, વીજળી સહિતના વિષયો ઉપર પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા. લોકોમાં, ખાસ કરીને યુવાનોમાં વ્યસન મુક્તિનો સંદેશ સારી રીતે પ્રસરે એ માટે વડોદરા શહેર પોલીસ દ્વારા યોજવામાં આવેલા સંકલ્પ કાર્યક્રમ જેવો જ કાર્યક્રમ જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં પણ યોજવા આ બેઠકમાં લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા, પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ, નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઘર પાસે કારમાંથી ઉતરતાં જ ચાર શખ્સોએ કર્યો હુમલો

# વારસિયામાં વૃદ્ધ વેપારીની આંખમાં મરચાની ભૂકી નાખી રૂ.10 લાખની લૂંટ



**લૂંટ** સમયે બાઈક સ્ટાર્ટ ન થતાં બૂમાબૂમમાં એક પકડાયો, ત્રણ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં સનસનાટીભરી લૂંટની ઘટનાએ ભારે ચકચાર જગાવી છે. કારેલીબાગ વિસ્તારમાં ગિફ્ટની દુકાન ચલાવતા 68 વર્ષીય વૃદ્ધ વેપારી પાસેથી ચાર શખ્સોએ આંખમાં મરચાની ભૂકી નાખી રૂ.10 લાખની રોકડ લૂંટી હતી. બનાવ દરમિયાન એક આરોપી ઝડપાયો છે જ્યારે તેના ત્રણ સાગરીત ફરાર થઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ હરણી-વારસિયા રિંગ રોડ પર આવેલી ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં રહેતા લીલા રામ લાકડમલ રેવાણી છેલ્લા 25 વર્ષથી કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલ સામે ગિફ્ટની દુકાન ચલાવે છે. 16 જાન્યુઆરીએ તેઓ દિવસભરના ધંધા બાદ રાત્રે રૂ.10 લાખ રોકડ હેન્ડબેગમાં રાખી કારમાં ઘરે આવ્યા હતા. રાત્રે લગભગ 8 વાગ્યે સોસાયટીમાં કાર ઉભી રાખી તેઓ બહાર ઉતર્યા તે સમયે એક એક્ટિવા અને એક બાઈક પર આવેલા ચાર યુવકો અચાનક તેમના પર તૂટી પડ્યા હતા.

એક શખ્સે તેમની ફેટ પકડી છાતીમાં મુક્કા માર્યા હતા, જ્યારે બીજા શખ્સે આંખોમાં મરચાની ભૂકી નાખી દીધી હતી. નજર ધૂંધળી થતાં અન્ય સાગરીતોએ કારમાંથી રોકડ ભરેલી બેગ ઉઠાવી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન એક લૂંટારૂની ગાડી ચાલુ ન થતાં વૃદ્ધ વેપારીએ બૂમાબૂમ કરી હતી, જેના પગલે આસપાસના લોકો દોડી આવ્યા અને એક આરોપીને પકડી લીધો હતો. બનાવની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી અને આગળની તપાસ હાથ ધરી છે.

### વારસીયા પોલીસ દ્વારા એફએસએલ તથા ડોગ સ્કવોર્ડ દ્વારા તપાસ કરાઇ

વારસીયા પોલીસ સ્ટેશનના પીઆઇ ટી એ દેસાઇ દ્વારા લૂટના ગુનામાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. અધિકારી તેમની ટીમ સાથે ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા અને પંચનામા સહિતની કાર્યવાહી શરૂ કરી હતી. ઉપરાંત વૃદ્ધની પૂછપરછ કરવા સાથે પોલીસે ઘટના સ્થળ પર વધુ ચકાસણી કરવા માટે એફએસએલ તથા ડોગ સ્કવોર્ડની મદદ લેવામાં આવી છે.

### કોઇ જાણભેદુએ તરકટ રચ્યુ તો નથી તે દિશામાં પણ તપાસ

વારસીયામાં રહેતા વૃદ્ધ વેપારીની કારેલીબાગ વિસ્તારમાં આવેલી ગિફ્ટની દુકાનમાં છેલ્લા ચાર મહિનાથી વકરાના રૂપિયા ત્યાં રાખીને જતા હતા. જેથી વકરાની રકમ ભેગી થઇને રૂપિયા 10 લાખ સુધી પહોંચી ગઇ હતી. દરમિયાન 16 જાન્યુઆરીના રોજ આ મસમોટી રકમ લઇને ઘરી ગયા હતા. તે દરમિયાન તેમની સાથે લૂંટની ઘટના બની હતી. અંદરના કોઇ વ્યક્તિએ રૂપિયા 10 લાખ જેટલી રકમ વૃદ્ધ લઇને નીકળ્યાં છે તેવી જાણ અન્ય સાગરીતો કરી હોવાની આશંકાએ પોલીસે પોલીસે દુકાનમાં જ કામ કરનાર કોઇ જાણભેદુ તો નથી તે દિશામા પણ તપાસ શરૂ કરી છે.

### મને દુધિયા તળાવ પાસેથી બેસાડ્યો

પકડાયેલો આરોપી કહે છે કે મિત્રોએ કહ્યું એટલે હુ તો આવ્યો હતો. લુંટનો કોઇ પ્લાન ન હતો. હુ દુધિયા તળાવ પાસે ઉભો હતો. મિત્રો બે ગાડીઓ લઇને આવ્યાં હતા ત્યારે હુ મિત્રની ગાડી પાછળ બેસતા તેઓએ મને લઇને લુંટ કરવા માટે આવ્યાં હતા તેવુ રટણ કરવામાં આવી રહ્યું છે. અન્ય આરોપીઓ કોણ હતા તેની પૂછપરછ શરૂ કરાઇ છે. યુવક દુધિયા તળાવ પાસેથી બેઠો હતો એટલે કે આરોપી વારસીયાના હોવાનું મનાઇ રહ્યું છે.

### લૂંટની ઘટનાના સળગતા સવાલ

- » વૃદ્ધ વેપારી રૂપિયા 10 લાખ જેટલી મસમોટી રકમ બેગમાં ભરીને નીકળ્યાં છે. તેવું લુટારુઓને કેવી જાણવા મળ્યું ?
- » ક્યાંથી વૃદ્ધની કારનો પીછો કર્યો
- » અને અચાનક લુંટારુ આવ્યા તો પછી વૃદ્ધના ઘર પાસે આવીને કેમ ઉભા રહ્યાં?
- » લુંટ કરવા માટે આવ્યાં હતા ત્યારે એક વાહન પર નંબર પ્લેટ નહી ? તો શુ ચોરીની હતી?
- » દુકાનમાં આટલી મોટી રકમ કેમ રાખી ?

### બીસીએ પર પ્રભુત્વ માટેની 15 ફેબ્રુઆરીએ ચૂંટણી

## સત્યમેવ જયતે ગ્રુપે શ્રી ગણેશ કર્યા, ડો.દર્શન બેન્કરે પ્રમુખ માટે ફોર્મ ભર્યું

**રોયલ** અને રિવાઈવલ જૂથ તરફથી પ્રમુખ પદ માટે કોણ ઉમેદવારી કરશે, તે અંગે ચર્ચા શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

માલેતુજારો અને રસુકદારોની મંડળી કહેવાતી બરોડા ક્રિકેટ એસોસિએશનની 15 મી ફેબ્રુઆરીએ પ્રભુત્વ માટેની ચૂંટણી યોજાશે. તે પૂર્વે શનિવારે સત્યમેવ જયતે જૂથના અગ્રણી ડોક્ટર દર્શન બેંકરે પ્રમુખ પદ માટે ફોર્મ ભર્યું હતું. બીજી તરફ અમીન પરિવાર કોને મેદાનમાં ઉતારે છે, તેની પર સૌ કોઈની નજર છે. હજી સુધી રોયલ જૂથે પત્તા ખોલ્યા નથી.

બરોડા ક્રિકેટ એસોસિએશનમાં પ્રભુત્વ માટેની ચૂંટણી યોજાવાની છે. જેના ફોર્મ ભરવાના પ્રથમ દિવસે ડોક્ટર દર્શન બેન્કર એમના ટેકેદારો સાથે બીસીએ હાઉસ ખાતે પહોંચ્યા હતા, સાથે ભૂતકાળમાં રોયલ ગ્રુપ તરફથી પ્રમુખની ચૂંટણી લડનારા જતીન વકીલ સાથે અન્ય ટેકેદારો જોડાયા હતા. બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીને લઈને હવે માહોલ ગરમાઇ ગયો છે. બીસીએના સભ્યોએ 31 હોદ્દાની ચૂંટણી માટે 650 થી વધુ ફોર્મ લીધા હતા. શનિવાર અને સોમવારે ઉમેદવારી ફોર્મ બીસીએ ઓફિસ ખાતે જમા કરાવી શકાશે. જ્યારે 20 મી તારીખે ફોર્મ ની સ્કુટિની કરાશે. ત્યારે પ્રથમ દિવસે શનિવારે પ્રમુખ પદ માટે સત્યમેવ જયતે ગ્રુપના આગેવાન ડોક્ટર દર્શન બેન્કરે ટેકેદારો સાથે ફોર્મ ભર્યું હતું. બીજી તરફ બીસીએ ના હાલના પ્રમુખ પ્રણવ અમીન અને મહારાજા સમરજિતસિંહ ગાયકવાડના ગ્રુપ તરફથી પ્રમુખ પદ માટે કોણ ઉમેદવારી કરે છે તે અંગે ચર્ચા શરૂ થઈ છે. બંને ગ્રુપના સૌથી નજીકની વ્યક્તિને પ્રમુખ પદ માટે ઊભા કરાશે તેમ જાણવા મળ્યું હતું.

### જપ્ત કરાયેલા સામાન ભરેલા ટ્રકો આગળ લારીધારકો બેસી ગયા

## સુરસાગર તળાવ પાસે લારીઓના દબાણો હટાવતાં ઘર્ષણ, લારીધારકોએ અધિકારીનો ઘેરાવો કર્યો

**દર મહિને** હજાર રૂપિયા વહીવટી ચાર્જ ચૂકવીએ છીએ : લારીધારકો

**વહીવટી** ચાર્જ ગંદકી અને સફાઇ માટે વસુલવામાં આવે : પાલિકા અધિકારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરના સુરસાગર તળાવ વિસ્તારમાં આવેલા મુખ્ય માર્ગ પરના લારીઓ અને પથારાના દબાણો દૂર કરવા શુક્રવારે મોડી રાત્રે મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ પહોંચી હતી. મ્યુઝિક કોલેજ પાસે કરવામાં આવેલી કાર્યવાહીમાં દબાણ



શાખાએ અંદાજે 10 લારીઓ જપ્ત કરતા લારીધારકો અને કોર્પોરેશનની ટીમ વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. કાર્યવાહી દરમિયાન લારીધારકો ભારે હોબાળો મચાવી નારાજગી વ્યક્ત કરી હતી.

વડોદરા શહેરની મધ્યમાં આવેલા સુરસાગર તળાવ ખાતે ઉભા રહેતા લારીધારકોએ મ્યુનિસિપલ અધિકારીનો ઘેરાવો કરી દબાણો દૂર કરવાની કાર્યવાહી સામે વિરોધ નોંધાવ્યો હતો. જપ્ત કરાયેલા સામાન ભરેલા ટ્રકો આગળ લારીધારકો બેસી જઈ લારીઓ છોડાવાની માંગ સાથે ધરણા પર બેઠા હતા અને સત્તાપક્ષ તથા કોર્પોરેશન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. લારીધારકોનું કહેવું છે કે, તેઓ દર મહિને રૂ.1 હજાર વહીવટી ચાર્જ ચૂકવે છે, તેમને વેપાર કરવા માટે જગ્યા ફાળવવામાં આવે અથવા વેપાર કરવા દેવામાં આવે. જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે વહીવટી ચાર્જ ગંદકી અને સફાઈ માટે વસુલવામાં આવે છે અને દબાણ હટાવવાની કાર્યવાહી નિયમિત પ્રક્રિયા મુજબ કરવામાં આવી છે. ઘટનાની ગંભીરતા જોતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લઈ કાયદો-વ્યવસ્થા જાળવી હતી.

## તાપમાન@15.4 : શહેરીજનો બપોરે પંખા અને રાત્રે ધાબળાના સહારે

**આગામી** 7 દિવસ તાપમાન શુષ્ક રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા શહેરમાં બે દિવસથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. શહેરમાં શનિવારે લઘુત્તમ તાપમાન 15.4 ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ જ્યારે વહેલી સવારે અને મોડી રાત્રે સામાન્ય ઠંડીનો અહેસાસ થયો હતો. હવામાન વિભાગ અનુસાર આગામી દિવસોમાં કોઈ મોટા હવામાન ફેરફારની શક્યતા નથી.

ઉત્તરના પહાડી વિસ્તારોમાં ઠંડીનું જોર વધવાને પગલે ઠંડીનો ચમકારો અનુભવાય આવી રહ્યો છે. વાસી ઉતરાયણના દિવસે સીઝનનો કોલ્ડેસ્ટ ડે નોંધાયો હતો. સિઝનમાં પ્રથમવાર લઘુત્તમ પારો 10 ડિગ્રી પહોંચ્યો હતો. જેને પગલે તીવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. જે બાદ શુક્રવારે લઘુત્તમ તાપમાન 11.8 ડિગ્રી નોંધાયા બાદ શનિવારે ફરી એક વખત તાપમાનમાં ફેરફાર જોવા મળ્યો હતો. લઘુતમ તાપમાન 15.4 ડિગ્રી અને મહત્તમ તાપમાન 32.2 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 88% અને સાંજે 32% નોંધાયો હતો. હવામાન વિભાગ અનુસાર આગામી દિવસોમાં કોઈ મોટા હવામાન ફેરફારની શક્યતા નથી. હવામાન શુષ્ક રહેશે તો બીજી તરફ નિષ્ણાંતોનું માનવું છે કે, આગામી 21 થી 25 જાન્યુઆરી દરમિયાન ઉત્તર ગુજરાત કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની શક્યતા રહેલી છે. નોંધનીય છે કે, ડિસેમ્બર મહિનામાં જેવો ઠંડીનો માહોલ હોવો જોઈએ તેવો અનુભવ થયો નથી. જાન્યુઆરીની શરૂઆતથી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ઉત્તરીય પર્વતીય વિસ્તારોમાં થયેલી હિમવર્ષા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાત સુધી જોવા મળી હતી.

### 2025-26ના વર્ષ માટે ગ્રાહક સંતોષ સર્વેક્ષણ રાઉન્ડ 2માં ઉત્કૃષ્ટ પ્રદર્શન : 5 માંથી 4.98 નો પ્રભાવશાળી સ્કોર મેળવ્યો

## વડોદરા એરપોર્ટ ઓલ ઈન્ડિયા લેવલના રેન્કિંગમાં બીજા ક્રમે

**સમાન** શ્રેણીના 58 AAI એરપોર્ટ પર સર્વે હાથ ધરવામાં આવ્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા એરપોર્ટે ગ્રાહક સંતોષ સર્વેક્ષણમાં બીજો ક્રમ મેળવ્યો છે. વડોદરા એરપોર્ટે 2025-26 ના વર્ષ માટે ગ્રાહક સંતોષ સર્વેક્ષણ રાઉન્ડ 2 માં ઉત્કૃષ્ટ પ્રદર્શન હાંસલ કર્યું છે. જે સમાન શ્રેણીના 58 AAI એરપોર્ટ પર સર્વે હાથ ધરવામાં આવ્યું હતું.

વડોદરા એરપોર્ટે ઓલ ઈન્ડિયા લેવલે બીજો ક્રમ મેળવ્યો છે. 5 માંથી 4.98 નો પ્રભાવશાળી સ્કોર મેળવ્યો હતો. જે મુસાફરોના સંતોષના ઉચ્ચ સ્તરને દર્શાવે છે. રાજ્યમાં, વડોદરા એરપોર્ટ ગુજરાતના તમામ AAI એરપોર્ટમાં નંબર 1 ક્રમે છે. ઓલ-ઈન્ડિયા રેન્કિંગમાં, ખજુરાહો, ભોપાલ અને ઔરંગાબાદ એરપોર્ટને સંયુક્ત રીતે નંબર 1 જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં 4.99 નો નજીવો વધારે સ્કોર હતો. જે વડોદરાથી માત્ર 0.01 પોઈન્ટ આગળ હતો. આ સિદ્ધિ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, એરલાઈન્સ, CISF અને વડોદરા એરપોર્ટ પર કાર્યરત તમામ એજન્સીઓની ટીમના ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવા અને એકંદર મુસાફરોના અનુભવને વધારવાના સતત પ્રયાસોને પ્રકાશિત કરે છે.

નોંધનીય છે કે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ દરમિયાન બે વખત મુસાફરોના અભિપ્રાય ના આધારે કસ્ટમર સેટીફેક્શન અને પર્ફોર્મન્સ સર્વે હાથ ધરવામાં આવે છે. આ સર્વેમાં મુસાફરોને આપવામાં આવતી સુવિધાઓ સ્વચ્છતા સુરક્ષા ચેક ઈન વ્યવસ્થા સ્ટાફનો વ્યવહાર સહિત અલગ અલગ પાસાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.



### વર્ષમાં બે વખત મુસાફરોના અભિપ્રાય આધારે સર્વે કરી રેન્ક અપાય છે

કસ્ટમર સેટિસ્ફેક્શન અને પરફોર્મન્સનો સર્વે કરાઈ છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા વર્ષ દરમિયાન બે વખત મુસાફરોના અભિપ્રાય આધારે કસ્ટમર સેટિસ્ફેક્શન અને પરફોર્મન્સ સર્વે હાથ ધરવામાં આવે છે. એરપોર્ટમાં રહેલી ગ્રાહકો માટેની સુવિધાઓ અને સ્ટાફ દ્વારા કરવામાં આવતી સેવાઓ અને ત્યારબાદ મુસાફરોના એકંદર અનુભવ સહિત વિવિધ પરિમાણોને આધીન ગ્રાહકના સંતોષનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમાં મુસાફરોના અનુભવ સુવિધાઓ અને સેવાઓના આધારે કરવામાં આવે છે. આ સર્વેક્ષણમાં એરપોર્ટની સફાઈ સુરક્ષા ખોરાક અને પીણાની ગુણવત્તા વેચાણની સુવિધાઓ અને સ્ટાફની વર્તણુક જેવા પાસાઓનો સમાવેશ થાય છે.

### 4 દિવસ પહેલા બનેલી કાંસનો સ્લેબ તૂટતા ભ્રષ્ટાચારની પોલ ખુલી

## 'વિકાસ' જ ભુવામાં ખાબક્યો: નવા રોડ પર ડામર પાથરતું મશીન જ જમીનમાં ગરકાવ!

**અધિકારીઓની** ગેરહાજરીમાં કોન્ટ્રાક્ટરે હલકી ગુણવત્તાનું કામ કરી જનતાના ટેક્સના નાણાં ડુબાડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા સંસ્કારી નગરી વડોદરામાં કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી કામગીરીમાં ભ્રષ્ટાચારના ગાબડાં હવે સપાટી પર આવવા લાગ્યા છે. શહેરના વ્યસ્ત ગણાતા આર.વી. દેસાઈ રોડ પર શનિવારે વહેલી સવારે રોડ બનાવવાની કામગીરી દરમિયાન ડામર પાથરવાનું ભારેખમ મશીન જ ભુવામાં ફસાઈ જતાં દોડધામ મચી ગઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે, જે ગાયકવાડી કાસ પર આ ઘટના બની તેનો સ્લેબ પાલિકાએ માત્ર ચાર-પાંચ દિવસ પહેલા જ ભર્યો હતો.

મળતી માહિતી મુજબ, આર.વી. દેસાઈ રોડ પર કોર્પોરેશન દ્વારા ડામર રોડ બનાવવાની કામગીરી ચાલી રહી હતી. વહેલી સવારે જ્યારે ડામર ભરેલું પેવર મશીન રોડ પર કામ કરી રહ્યું હતું, ત્યારે અચાનક જ નીચેનો સ્લેબ તૂટી પડ્યો હતો અને મશીનનું ટાયર ઊંડા ખાડામાં



ઉતરી ગયું હતું. આ ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક રહીશોએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, આ સ્થળે ગાયકવાડી કાસ આવેલી છે. પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા ચાર-પાંચ દિવસ પહેલા જ આ કાસ પર નવો સ્લેબ ભરવામાં આવ્યો હતો. સ્લેબ ભરતી વખતે કોઈ પણ જવાબદાર અધિકારી નિરીક્ષણ માટે હાજર નહોતા, જેના કારણે કોન્ટ્રાક્ટરે હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરીને માત્ર 'વેઠ' ઉતારી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જો કામગીરી ગુણવત્તાસભર હોત તો મશીનના વજનથી સ્લેબ આટલી જલ્દી તૂટી ન પડત.